Bidi PF case file


સ્વાશ્રયી મહિલા સેવા સંઘ

**SELF EMPLOYED WOMEN'S ASSOCIATION (SEWA)**

Sewa Reception Centre, Opp. Victoria Garden, Bhadra, Ahmedabad-380001.

Phone : 079-5506477, 5506444, Fax : 079-5506446

E-mail : sewamahila@wilnetonline.net

websight : www.sewa.org


રેફ.સેવા/યુનિયન/નં. ૬૨૯/૯૯ તા. ૨૪/૯/૯૯

પ્રતિ,
શ્રી એ.કે. પ્રધાન,
શ્રમ સચિવશ્રી,
ગુજરાત રાજ્ય, નવા સચિવાલય,
ગાંધીનગર.

માનનીય શ્રી એ.કે. પ્રધાન,

ગુજરાતમાં દોઢ લાખ અને અમદાવાદ શહેરમાં ૧૫ હજાર બીડી કામદારો આવેલાં છે. આ બધા અસંગઠિત વર્ગના શ્રમજીવીઓ છે. આ દોઢ લાખ બીડી કામદારો ઘરખાતા કામદારો છે. તેમાંથી, ૯૮ % સ્ત્રી કામદારો છે.

આ કામદારો અસંગઠિત વર્ગના ઘરખાતા કામદારો હોવાથી તેમની અને બીડીના માલિકો વચ્ચે "કામદાર માલિક" નો સંબંધ સાબિત કરવાનું ખૂબ મુશ્કેલ બન્યું છે. વળી, બીડી ના માલિકો "ખરીદ-વેચાણ" પધ્ધતિ તેમજ "ઠેકેદાર પધ્ધતિ" થી કામ કરાવતાં હોવાથી ના તેમને ઓળખપત્ર મળે કે ના હાજરીકાર્ડ, વેતનસ્લીપ કશું જ નહીં. આમ, બીડી કામદારો માટે બે કાયદા બીડી એન્ડ સિગાર વર્કર્સ એક્ટ અને વેલ્ફેર એક્ટ હોવા છતાં તે નકામા બની જતાં તેનું અમલીકરણ થતું નથી.

સેવાએ ૧૫,૦૦૦ જેટલાં બીડી કામદારોને સંગઠિત કર્યા છે. સેવા છેલ્લા ૧૪-૧૫ વર્ષથી ૧૫૪ બીડી કામદારો માટે પ્રો.ફંડ નો કેસ લડે છે. આ તો ટેસ્ટ કેસ છે. જે દોઢ લાખ બીડી કામદારોના પ્રો.ફંડ માટેના આ કેસની વિગત જોઈએ તો, પ્રથમ પ્રો.ફંડ કમિશ્નરની ઓફિસમાં ચાલ્યો. ત્યાં આ બીડી વણનાર કામદારો નથી તેવો ચુકાદો આપતાં "સેવા" માનનીય ગુજરાત હાઈકોર્ટમાં અપીલમાં ગઈ ત્યાં કેસ ચાલ્યો પણ ૧૦ વર્ષ સુધી. ત્યાં સુધી પ્રો.ફંડ ના કાયદામાં બદલાવ આવવાથી ગયો દિલ્હી એપલેટ ટ્રીબ્યુનલમાં. તેમાં ચુકાદો "માલિક-કામદાર"નો સંબંધ સાબિત થાય છે તેમ આવ્યો. સામાવાળા જીવરાજબીડી વર્કર્સના માલિક માનનીય હાઈકોર્ટમાં અપીલમાં આ ચુકાદા સામે ગયા. પણ તા. ૨૩ એપ્રિલ ૧૯૯૯ ના માનનીય ગુજરાત હાઈકોર્ટે હુકમ કર્યો કે, પ્રાદેશિક પ્રો.ફંડ કમિશ્નરશ્રીની કચેરી આ કામદારો માટે પ્રો.ફંડની ગણતરી ચાર મહિનામાં કરે, પાછું બીજા ચાર મહિનાનું એક્સ્ટેન્શન મળ્યું. આ દરમ્યાન પ્રો.ફંડ કમિશ્નરશ્રીની કચેરીમાં હાલમાં પ્રો.ફંડની ગણતરી માટે પુરાવા વગેરેનું સ્ટેજ ચાલે છે.

સ્વાશ્રયી મહિલા સેવા સંઘ
SELF EMPLOYED WOMEN'S ASSOCIATION (SEWA)
Sewa Reception Centre, Opp. Victoria Garden, Bhadra, Ahmedabad-380001.
Phone : 079-5506477, 5506444, Fax : 079-5506446
E-mail : sewamahila@wilnetonline.net
websight : www.sewa.org

આ પ્રક્રિયા શરૂ થઈ પણ હાલમાં જોઈએ તો, આ કેસ સમગ્ર ગુજરાતનાં બીડી કામદારો માટે એક સીમાચિહ્ન બની ગયો. આ ૧૫૪ ઘરખાતા બીડી કામદારો ને પ્રો.ફંડ લાગુ પડયો તો, ગુજરાતના દોઢ લાખ બીડી કામદારોને પણ પ્રો.ફંડ લાગુ પડશે. ગુજરાત રાજયમાં આજદિન સુધી એક પણ બીડી કામદારને પ્રો.ફંડના કાયદા નીચે આવરી લીધા નહતાં.

હવે ચિંતા નો વિષય એ બન્યો છે કે, બીડી કામદારો માટે પ્રો.ફંડની અમલીકરણની વાત આપતાં,

૧. કામદારોને માસિક અઠવાડિયામાં બે દિવસ જ કામ આપે છે. આ બધા બીડી કામદારોના ઘરવાળા મોટાભાગે બંધમિલ કામદારો- આ બીડીની કમાઈ પર જ તેમના કુટુંબનું ગુજરાત ચલાવે. કયાં જાય ? કમાણી સાવ બંધ જ થઈ જશે.

૨. આ બીડી ઉદ્યોગ આપણા ગુજરાત રાજયમાંથી ખસીને બીજા રાજયમાં જતો રહેશે. કારણ કે, બીજા રાજયોમાંના લઘુત્તમ વેતન આપણા રાજયની સરખામણીમાં ઓછું છે.

3. હજારો બીડી કામદારો બેકાર થશે.

આથી આપને ખાસ વિનંતી કરવાની કે, હજારો કામદારો બેકાર બને તે પહેલાં આ સળગતા, મુંઝવતા પ્રશ્ન માટે ગુજરાતના મુખ્ય બીડી જીવરાજબીડી, પટેલબીડી, ભગતબીડીના માલિકો (જેમનાં સરનામાં આ સાથે બીડેલ છે.)સાથે સેવાની મીટીંગ આપ ઉચ્ચ કક્ષાએ યોજી તેમાંથી બહાર નિકળવાનો રસ્તો બતાવશો.

આભાર સહ,

આપની વિશ્વાસુ,

(મનાલી શાહ)
યુનિયન કો.ઓર્ડિનેટર

નકલ રવાના :-
મજૂર કમિશ્નરશ્રી

બિડાણ : ઉપર મુજબ

પ્રધાનમંત્રી : રીમા નાણાવટી
General Secretary : REEMA NANAVATY
સ્થાપક : ઇલા આર. ભટ્ટ
Founder : ELA R. BHATT